# ‘મૂન મેન ઓફ ઈન્ડિયા’માં ચંદ્રયાન-1 અને 2 મિશનના વૈજ્ઞાનિકની ‘મૂન સિક્રેટ’ પર ટોક

## આઈઆઈટી ગાંધીનગરનો એન્યુઅલ ટેકનિકલ ફેસ્ટ ‘અમલ્થિયા-2018’ યોજાશે

વિજય ચૌહાણ cbamdavad@gmail.com

IIT-Gnનો એન્યુઅલ ટેકનિકલ સમીટ ‘અમલ્થિયા-2018’ 20 અને 21 ઓગસ્ટે આઈઆઈટી- ગાંધીનગર કેમ્પસ ખાતે યોજાશે. અમલ્થિયામાં મુખ્યત્વે ટોકિંગ પોઈન્ટ એક્ઝિબિશન, સિમ્પોઝિયમ અને કોન્કલે હોય છે જેમાં દેશ-દુનિયાના વૈજ્ઞાનિકો પોતાના અનુભવો શેર કરે છે. ઈન્ડિયન સ્પેસ મિશનમાં પાયાની ભૂમિકા ભજવનાર વૈજ્ઞાનિક જીતેન્દ્રનાથ ગોસ્વામી ‘મૂન મેન ઓફ ઈન્ડિયા’અંતગર્ત યોજાનારી સિરિઝમાં તેઓ પોતાના સ્પેસ મિશન અંગેના અનુભવો શેર કરશે. ગોસ્વમી ઈન્ડિન સ્પેસ મિશન ચંદ્રયાન-1 અને ચંદ્રયાન-2 મિશનમાં જોડાયેલા છે. સ્પેસ સાયન્સ ક્ષેત્રે કરેલા પ્રદાન બદલ 2017માં પદ્મશ્રીથી સન્માનિત કરવામાં આવ્યા છે.

## એક્ઝિબિશનમાં ડિસપ્લે થનાર ઈનોવેશન

**પોકેટ સાઈઝ કોમ્પ્યુટર** | ટેકનોલોજીમાં અપડેટ અને નવા ઈનોવેશન થતા ઘણા ચેન્જ આવ્યા છે.માનવ જીવનનું અભિન્ન અંગ બનેલા કોમ્પ્યુટર એક સમયે મોટારૂમ જેટલી જગ્યા રોકતુ હતું ત્યારે આજે ટેકનોલોજીના પરિણામે પોકેટ સાઈઝનું બન્યુ છે ત્યારે અમલ્થિયામાં આ વખેત પોકેટ સાઈઝના કોમ્પ્યુટર ડિસપ્લેમાં મુકાશે જે વિઝિટ કરનાર માટે આકર્ષણનું કેન્દ્ર રહેશે.

### ડ્રોન રેસિંગ કોમ્પિટિશન

ગુજરાતમાં પ્રથમ વખત આઈઆઈટી ગાંધીનગર ખાતે ‘ડ્રોન રેસિંગ કોમ્પિટિશન’ યોજાશે.જેમાં ડ્રોનને રેસિંગ સેન્સમાં રજૂ કરાશે. ભારતભરમાં ડ્રોનને રેસિંગ કરતા પ્રોફેશનલ લોકો આવીને આઈઆઈટી ગાંધીનગર ખાતે બનાવેલા ખાસ ટ્રેક પર ડ્રોનને ઉડાડશે.જેમાં ડ્રોનને અલગ અલગ સ્ટેજમાંથી પ્રસાર થવુ પડશે.આ માટે આઈઆઈટી ગાંધીનગર ખાતે ખાસ ટ્રેક બનાવવામાં આવશે.

### આબેહૂબ માણસ જેવા દેખાતા હ્યુમન રોબોટ

એક્ઝિબિશનમાં ‘હ્યુમન રોબોટ’આકર્ષણનું કેન્દ્ર રહેશે. જેમાં માણસ જેવા દેખાતા રોબોટ ડિસપ્લે કરાશે. જેમાં ઈન્ડિયામાં બનેલા અને વિદેશમાં બનેલા રોબોટ મુખ્યત્વે ડિસપ્લે કરાશે.

### અંધ વ્યકિતઓ માટેની ‘એડવાન્સ વોકિંગ સ્ટિક’

અંધ વ્યકિતઓને ચાલવા માટે વપરાતી વોકિંગ સ્ટિકમાં ઈનોવેશન કરીને ‘એડવાન્સ વોકિંગ સ્ટિક’ બનાવવામાં આવી છે જેમાં સ્ટ્રીકમાં લાગેલા સેન્સરની મદદથી અંધ વ્યકિતઓને ચાલવામાં મદદ કરશે.

**Title:** IITGN will organize the annual technical fest Amalthea 2018
**Source:** City Bhaskar (Pg. no. 01)
**Date:** 15/10/2018